Name & Signature of the Invigilator

...........................................

...........................................

# LAW
## PAPER-II
## SEPT-16/16

OMR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : ......................................

..................................................................

**Time : 1.15 Hours]** **No. of Printed Pages : 28** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of fifty **(50)** multiple choice type of questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or log table etc., is prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધાજ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર કાઢી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછી થી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ● (C) (D) કે જયાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર –II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિન્હ કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## LAW

## PAPER - II

## કાયદો

## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice assertation/reasoning/ matching questions, each question carries **TWO (2)** marks. Attempt **All** questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. When the Court declares certain provisions of the Act as invalid, it does not affect the validity of the Act and it remains as it is. This principle is known as :
   - (A) Doctrine of Prospective Over-ruling
   - (B) Doctrine of Severability
   - (C) Doctrine of Pleasure
   - (D) Doctrine of Eclipse

2. **Assertion (K) :** A Bill which contains a taxation clause besides clauses dealing with other matters may also be a Money Bill.

   **Reason (R) :** All Bills dealing with taxes are Money Bills.

   **Codes :**
   - (A) Both (K) and (R) are true, but (R) is not the correct explanation of (K)
   - (B) Both (K) and (R) are true and (R) is the correct explanation of (K)
   - (C) (K) is false, but (R) is true
   - (D) (K) is true, but (R) is false

1. જ્યારે અદાલત વૈધાનિક કાયદાની અમુક જોગવાઈઓ રદબાતલ ગણે અને બાકીના કાયદાની યથાર્થતા યથાવત જાળવી રાખે તો આ સિદ્ધાંતને ............ સિદ્ધાંત કહેવાય.
   - (A) ભવિષ્યલક્ષી પ્રત્યાદેશનો સિદ્ધાંત
   - (B) વિભાજ્યતાનો સિદ્ધાંત
   - (C) ખુશીમરજીનો સિદ્ધાંત
   - (D) ગ્રહણનો સિદ્ધાંત

2. **નિશ્ચિત કથન (K)** : જે બીલ (ખરડા) માં કરવેરા સંબંધી ખંડ હોય અને સાથે અન્ય બાબતો સંબંધી ખંડો હોય તો તે નાણાંબીલ પણ હોઈ શકે.

   **કારણ (R)** : કરવેરા સંબંધી બધા બીલો નાણાંબીલો છે.

   **કોડ :**
   - (A) બંને (K) અને (R) ખરાં છે પરંતુ (R) એ (K) ની સાચી સમજૂતી નથી
   - (B) બંને (K) અને (R) ખરાં છે અને (R) એ (K) ની સાચી સમજુતી છે
   - (C) (K) ખોટું છે પરંતુ (R) ખરૂં છે
   - (D) (K) ખરૂં છે પરંતુ (R) ખોટું છે

3. Article 20 and Article 21 has been taken away from the purview of Article 359 of the Constitution of India by :

(A) 42nd Amendment

(B) 43rd Amendment

(C) 44th Amendment

(D) 59th Amendment

4. The writ jurisdiction of the Supreme Court of India is :

(A) Original

(B) Appellate

(C) Advisory

(D) Original and Concurrent

5. One of the following is *not* a feature of a Money Bill :

(A) It must be certified by the Speaker of the Lok Sabha

(B) Prior permission of the President is necessary for introducing it

(C) It can be introduced in Lok Sabha only

(D) It can be stalled in Rajya Sabha

3. અનુચ્છેદ ૨૦ અને અનુચ્છેદ ૨૧ બંને અનુચ્છેદ ૩૫૯ ના મર્યાદા ક્ષેત્રમાંથી .......... બંધારણીય સુધારાથી દૂર કરવામાં આવ્યા.

(A) બેતાળીસમો બંધારણીય સુધારો

(B) તેંતાળીસમો બંધારણીય સુધારો

(C) ચુંમાળીસમો બંધારણીય સુધારો

(D) ઓગણસાઠમો બંધારણીય સુધારો

4. સુપ્રિમકોર્ટની રીટની હકુમત ........ હકુમત છે.

(A) મૌલિક

(B) એપેલેટ

(C) સલાહકારી

(D) મૌલિક અને સમવર્તી

5. નીચે પૈકી કયું નાણાંબીલનું લક્ષણ નથી?

(A) જે લોકસભાના અધ્યક્ષ દ્વારા પ્રમાણિત થયેલ હોય

(B) જે ગૃહમાં દાખલ કરતાં પહેલાં રાષ્ટ્રપતિની અનુમતી લેવી જરૂરી હોય

(C) જે માત્ર લોકસભામાં પ્રથમ દાખલ થવું જરૂરી હોય

(D) જેને રાજયસભા ઢીલમાં નાખી શકે

6. What is true with regard to Civil Servants under the Constitution of India ?

(A) They cannot be dismissed or removed or reduced in rank except after an inquiry.

(B) They can be dismissed or removed or reduced in rank at any time by the Prime Minister of India.

(C) They cannot be dismissed or removed or reduced in rank once they hold such post.

(D) They cannot be arrested but can be dismissed or removed or reduced in rank at any time during their tenure.

6. ભારતીય બંધારણ અન્વયે વહીવટી સેવાઓ સંદર્ભે નીચે પૈકી કયું ખરૂં છે?

(A) વહીવટી અમલદારોને બરતરફ, સેવામુક્ત કે પદઅવનતિ તપાસ કર્યા સિવાય કરી શકાય નહીં

(B) વહીવટી અમલદારોને કોઈપણ સમયે ભારતના વડાપ્રધાન બરતરફ, સેવામુક્ત કે પદઅવનતિ કરી શકે

(C) વહીવટી અમલદારોને જે તે હોદો સંભાળ્યા બાદ કોઈપણ સંજોગોમાં બરતરફ સેવામુક્ત કે પદઅવનતિ કરી શકાય નહીં

(D) વહીવટી અમલદારોના સેવાકાળ દરમ્યાન તેમની ધરપકડ કરી શકાય નહીં પરંતુ કોઈપણ સમયે તેમને બરતરફ, સેવામુક્ત કે પદઅવનતિ કરી શકાય

7. In which case the Supreme Court of India has held that Secularism is the part of the basic structure of the Constitution ?

(A) Rajnarain *V.* Smt. Indira Nehru Gandhi

(B) Minerva Mills *V.* Union of India

(C) Golaknath *V.* State of Punjab

(D) S.R. Bommai *V.* Union of India

8. The Constitution of India is Federal in character because :

(A) The head of the State (the President) is elected by an electoral college consisting of the elected members of both the Houses of Parliament and the elected members of the Legislative Assemblies of the state.

(B) The Governors of the States are appointed by the President and they hold office during the pleasure of the President.

(C) There is distribution of power between Union and the State.

(D) The amendment of the constitution can be made only by following the procedure laid down in the constitution and in some cases the amendment requires ratification by Legislatures of the States.

7. નીચે પૈકી કયા કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે બિનસાંપ્રદાયિકતા એ બંધારણના મૂળભૂત માળખાનો ભાગ છે?

(A) રાજનારાયણ વિરૂદ્ધ શ્રીમતી ઈન્દીરા નહેરુ ગાંધી

(B) મીનરવા મિલ્સ વિરૂદ્ધ ભારતસંઘ

(C) ગોલકનાથ વિરૂદ્ધ પંજાબ રાજ્ય

(D) એસ.આર. બોમ્માઈ વિરૂદ્ધ ભારતસંઘ

8. ભારતીય બંધારણનું સ્વરૂપ સમવાયી છે કારણ કે :

(A) રાષ્ટ્રના વડા (રાષ્ટ્રપતિ) મતદાર મંડળ દ્વારા ચૂંટાય છે જેમાં સંસદના બંને ગૃહોના ચૂંટાયેલા સભ્યો અને રાજ્યની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે

(B) રાજ્યના રાજ્યપાલોની રાષ્ટ્રપતિ દ્વારા નિમણુંક કરવામાં આવે છે અને તેઓ રાષ્ટ્રપતિની ખુશીમરજીથી હોદ્દો ધારણ કરે છે

(C) સંઘ અને રાજ્યો વચ્ચે સત્તાનું વિભાજન છે

(D) બંધારણમાં સુધારો માત્ર બંધારણમાં નિર્દિષ્ટ કરેલી પ્રક્રિયા અનુસરીને જ કરી શકાય છે અને અમુક કેસોમાં રાજ્યોની વિધાનસભાઓનું અનુમોદન આવશ્યક છે

9. Right-Duty co-relation is expounded by :

(A) Austin

(B) Fuller

(C) Hohfeld

(D) Cardozo

9. અધિકાર-ફરજ એ સંબંધક છે એવું સમજાવ્યું ........... .

(A) ઓસ્ટીન

(B) ફુલર

(C) હોફેલ્ડ

(D) કાર્ડોઝો

10. Which one of the theories of punishment is considered as judicial contribution to Social Change ?

(A) Deterrent

(B) Preventive

(C) Reformative

(D) Retributive

10. નીચે પૈકી શિક્ષાના સિદ્ધાંતોમાંથી કયો સિદ્ધાંત સામાજીક પરિવર્તનમાં અદાલતી પ્રદાન તરીકે ગણી શકાય?

(A) ભયોત્પાદક

(B) નિવારક

(C) સુધારણાત્મક

(D) પ્રતિશોધક

11. A right to retain the possesion of a property until the due amount is paid is known as :

(A) Lease

(B) Licence

(C) Lien

(D) Mortgage

11. જ્યાં સુધી લેણાંની રકમ ચૂકવી ન અપાય ત્યાં સુધી મિલ્કતનો કબજો જાળવી રાખવાનો અધિકાર ........ કહેવાય.

(A) લીઝ

(B) લાઈસન્સ

(C) ગ્રહણાધિકાર

(D) ગીરો

12. The jural co-relative of liberty is :

(A) Right

(B) No-right

(C) Power

(D) Duty

13. Right in re aliena means a right over :

(A) His own property

(B) Property of someone else

(C) Property situated in a foreign country

(D) Property situated in one's own country

14. Social Engineering means :

(A) Satisfaction of maximum wants with least friction and least waste

(B) Satisfaction of maximum wants

(C) Satisfaction of wants which are valuable

(D) Satisfaction of all social wants

12. સ્વતંત્રતાનું વૈધિક સંબંધક ......... છે.

(A) અધિકાર

(B) અધિકારવિહિનતા

(C) સમર્થતા

(D) ફરજ

13. પરવસ્તુવિષયક અધિકાર એટલે :

(A) વ્યક્તિની પોતાની મિલકત ઉપર મળતો અધિકાર

(B) અન્ય વ્યક્તિની મિલકત ઉપર મળતો અધિકાર

(C) વિદેશમાં આવેલી મિલકત ઉપર મળતો અધિકાર

(D) વ્યક્તિના પોતાના દેશમાં આવેલી મિલકત ઉપરનો અધિકાર

14. સામાજીક ઈજનેરી એટલે :

(A) ઓછામાં ઓછા ઘર્ષણ અને ઓછામાં ઓછા બગાડ સાથે મહત્તમ જરૂરિયાતોને સંતોષવી

(B) મહત્તમ જરૂરિયાતોને સંતોષવી

(C) મૂલ્યવાન હોય તેવી જરૂરિયાતોને સંતોષવી

(D) તમામ સામાજીક જરૂરિયાતોને સંતોષવી

15. Which of the following statements is *correct* ?

(A) Primary responsibility of International peace-keeping and security is on the General Assembly.

(B) The Security Council is a deliberative organ.

(C) Members may not accept and carry out the advice of the Security Council

(D) Economic and Social Council is to discharge the responsibility of the States enshrined in Chapter IX from Articles 55-60. This Council operates under the authority and supervision of General Assembly.

15. નીચે પૈકી કયું વિધાન ખરૂં છે?

(A) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવાની પ્રાથમિક જવાબદારી સામાન્ય સમિતિની છે

(B) સલામતી સમિતિ એ ચર્ચા વિચારણા કરનારું અંગ છે

(C) સલામતિ સમિતિની સલાહ સભ્યો ન પણ સ્વીકારે અને અમલ ન પણ કરે

(D) આર્થિક અને સામાજિક સમિતિને પ્રકરણ IX અનુચ્છેદ ૫૫–૬૦ અન્વયે રાજયોની જવાબદારીનું વહન કરવા અંગેની જવાબદારી સોંપવામાં આવી છે. આ સમિતિ સામાન્ય સમિતિની સત્તા અને દેખરેખ અન્વયે કાર્ય કરે છે

16. **Assertion (A) :** Recognition of a State is not the same as recognition of its government.

**Reason (R) :** Within existing states, governments come and go and normally the changes raise no question of recognition.

**Codes :**

(A) Both (A) and (R) are correct and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are correct, but (R) is not the correct explanation of (A)

(C) (A) is true, but (R) is false

(D) (A) is false, but (R) is true

16. **નિશ્ચય કથન** (A) : રાજ્યની સ્વીકૃતિ અને તેની સરકારની સ્વીકૃતિ એ બંને સમાન નથી.

**કારણ (R) :** રાજ્યોની અંદર સરકારો જતી અને આવતી રહે છે અને સામાન્ય રીતે આ પરિવર્તનો સ્વીકૃતિનો કોઈ પ્રશ્ન ઉઠાવતા નથી.

કોડ :

(A) બંને (A) અને (R) ખરાં છે અને (R) એ (A) ની ખરી સમજૂતી છે

(B) બંને (A) અને (R) ખરાં છે પરંતુ (R) એ (A) ની ખરી સમજૂતી નથી

(C) (A) ખરૂ છે પરંતુ (R) ખોટું છે

(D) (A) ખોટું છે પરંતુ (R) ખરૂં છે

17. Which one of the following is the successor to Human Rights Commission ?

(A) Human Rights Committee

(B) Amnesty International

(C) International Committee of Red Cross

(D) Human Rights Council

17. નીચે પૈકી કયું માનવ અધિકાર કમિશનનું ઉત્તરાધિકારી છે?

(A) માનવ અધિકાર સમિતિ

(B) એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ

(C) ઈન્ટરનેશનલ કમિટી ઓફ રેડ ક્રોસ

(D) માનવ અધિકાર કાઉન્સિલ

18. Which one of the following jurists has been of the view that International Law is *not* true but positive international morality only, analogous to the rules binding a club or society ?

(A) Oscar Schachter

(B) John Austin

(C) D. Harris

(D) Louis Henkin

18. નીચે પૈકી કયા વિધિશાસ્ત્રીનું મંતવ્ય છે કે આંતરરાષ્ટ્રીય કાયદો એ માત્ર મનુષ્યનિર્મિત આંતરરાષ્ટ્રીય નીતિમત્તા છે અને તે નિયમો ક્લબ અથવા સોસાયટીને બંધનકર્તા હોય તેવા જ નિયમો છે.

(A) ઓસ્કાર સ્કેટર

(B) જહોન ઓસ્ટીન

(C) ડી. હેરીસ

(D) લુઈ હેનકીન

19. Which of the following is the effect of a unilateral declaration by a State to accept the principles of a treaty to which it is not a party ?

(1) The State becomes a party to the treaty.

(2) The State becomes bound by these principles.

(3) The State will have an obligation to become a party to the treaty.

(4) The declaration may create estoppel against the State.

Select the *correct* answer using the codes given below :

**Codes :**

(A) (1) and (2)

(B) (2) and (4)

(C) (1) and (3)

(D) (3) and (4)

19. જે સંધિકરારમાં રાજ્ય પક્ષકાર ન હોય તેવા સંધિકરારને સ્વીકૃતિ આપતી રાજ્યની એકતરફી ઘોષણાથી નીચે પૈકી કઈ અસર થશે?

(1) તે રાજ્ય તે સંધિકરારનું પક્ષકાર બનશે

(2) સંધિકરારના સિદ્ધાંતો તે રાજ્યને બંધનકર્તા રહેશે

(3) તે રાજ્યની સંધિકરારના પક્ષકાર બનવાની જવાબદારી રહેશે

(4) આ પ્રકારની ઘોષણા તે રાજ્ય માટે પ્રતિરોધ ઉત્પન્ન કરશે

નીચે આપેલ કોડનો ઉપયોગ કરી ખરો જવાબ પસંદ કરો :

કોડ :

(A) (1) અને (2)

(B) (2) અને (4)

(C) (1) અને (3)

(D) (3) અને (4)

20. In India treaty making is an :

(A) Executive Act

(B) Legislative Act

(C) Judicial Act

(D) Legislative as well as Executive Act

20. ભારતમાં સંધિકરાર કરવો એ :

(A) વહીવટી કૃત્ય છે

(B) વૈધાનિક કૃત્ય છે

(C) ન્યાયિક કૃત્ય છે

(D) બંને વૈધાનિક અને વહીવટી કૃત્ય છે

21. The failure to comply with the decree of restitution of conjugal rights for more than one year under the Special Marriage Act may lead to :

(A) Judicial Separation

(B) Divorce

(C) Imprisonment

(D) Compensation

21. લગ્ન હકોના પુનઃસ્થાપનના હુકમનામાનું પાલન કરવામાં જો એક વર્ષથી વધુ સમય સુધી નિષ્ફળતા રહે તો સ્પેશ્યલ મેરેજ એક્ટ અન્વયે તે ........ માં પરિણમશે.

(A) ન્યાયિક વિયોજન

(B) લગ્નવિચ્છેદ

(C) કેદની સજા

(D) વળતર

22. In Muta marriage, the wife :

(A) has a right to leave the husband before expiry of the term

(B) has a right to leave the husband before the expiry of the term only with the permission of the Kazi

(C) has a right to leave the husband before the expiry of the term only with the permission of the court

(D) has no right to leave the husband before the expiry of the term

23. In which of the following case the Supreme Court held that the registration of marriage should be made compulsory ?

(A) Ashok Kumar *V.* Rupa Hura

(B) Hafizunnissan *V.* Mohd. Yasin Khan

(C) T. Sareetha *V.* T. Venkata Subhaiah

(D) Seema *V.* Ashwani Kumar

22. મુત્તા લગ્નમાં પત્ની :

(A) નિયત સમય પૂરો થાય તે પહેલાં કોઈપણ સમયે પતિનો ત્યાગ કરી શકશે

(B) કાઝીની સંમતિથી નિયત સમય પૂરો થાય તે પહેલાં કોઈ પણ સમયે પતિનો ત્યાગ કરી શકશે

(C) અદાલતની સંમતિથી નિયત સમય પૂરો થાય તે પહેલાં કોઈપણ સમયે પતિનો ત્યાગ કરી શકશે

(D) નિયત સમય પૂરો થાય તે પહેલાં પતિનો ત્યાગ કરવાનો અધિકાર નથી

23. નીચે પૈકી કયા કેસમાં સુપ્રિમ કોર્ટે લગ્નનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત હોવું જોઈએ તેવું ઠરાવ્યું?

(A) અશોક કુમાર વિરૂદ્ધ રૂપા હુરા

(B) હાફીઝુનિસાન વિરૂદ્ધ મોહંમદ યાસીનખાન

(C) ટી. સરીતા વિરૂદ્ધ ટી વેંકટ સુબૈયાહ

(D) સીમા વિરૂદ્ધ અશ્વનીકુમાર

24. A wife who willfully undergoes abortion against the wishes of her husband and other family members is guilty of :

(A) Dessertion

(B) Apostacy

(C) Cruelty

(D) Adultery

24. પતિ કે કુટુંબના અન્ય સગાંઓની સંમતિ વગર પત્ની જો ગર્ભપાત કરાવે તો તે ......... છે.

(A) ત્યાગ

(B) ધર્મપરિવર્તન

(C) ક્રુરતા

(D) વ્યભિચાર

25. The petition for divorce by mutual consent may be presented if the spouses are living separately for a period of :

(A) One year

(B) Two years

(C) Six months

(D) Any time after three months of marriage

25. પરસ્પર સંમતિથી લગ્નવિચ્છેદની અરજી દાખલ કરી શકાય જો પતિ અને પત્ની ......... સમયથી અલગ રહેતા હોય.

(A) એક વર્ષ

(B) બે વર્ષ

(C) છ માસ

(D) લગ્નના ત્રણ માસ પછી કોઈ પણ સમયે

26. In which of the following case the Superme Court held that even the wife of a void marriage is entitled to maintenance ?

(A) Amarjeet Kaur V. Harbhajan Singh

(B) Chand Dhawan V. Jawaharlal Dhawan

(C) Nirmala Devi V. Ram Das

(D) Ramesh Chandra V. Veena Kausal

27. The primary aim of the law of damages is to :

(A) punish the party who has committed the breach of contract

(B) enrich the party who sustained the loss

(C) place the party who sustained the loss in the same position as if the contract has been performed

(D) to give some type of compensation

26. નીચે પૈકી કયા કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે વ્યર્થ લગ્ન હોય તો પણ ભરણપોષણ મેળવવાનો પત્નીને અધિકાર છે?

(A) અમરજીત કૌર વિરૂદ્ધ હરભજનસિંઘ

(B) ચાંદ ધવન વિરૂદ્ધ જવાહરલાલ ધવન

(C) નિર્મલાદેવી વિરૂદ્ધ રામદાસ

(D) રમેશચંદ્ર વિરૂદ્ધ વીણા કૌશલ

27. વળતરના કાયદાનો મુખ્ય હેતુ :

(A) કરારભંગ કરનાર પક્ષકારને સજા કરવાનો છે

(B) કરારભંગથી જે પક્ષકારને નુકશાન થયું હોય તો તેને વધારે ધનિક બનાવવાનો છે

(C) જે પક્ષકારને કરારભંગના લીધે નુકશાન થયું છે તે પક્ષકારને કરારભંગ જો ન થયો હોય તો જે સ્થાને હોત તે સ્થાને તે પક્ષકારને મૂકવાનો છે

(D) કોઈ પ્રકારનું વળતર આપવાનો છે

28. The Principle "Restitution stops where repayment begins" can be applied against :

(A) an alien enemy only

(B) minors only

(C) lunatics and idiots only

(D) any incapable person

28. ''જયાંથી પુનઃ ચૂકવણી શરૂ થાય છે ત્યાં પુનઃ સ્થાપન અટકે છે'' આ સિદ્ધાંતનો અમલ ........ સામે થઈ શકે.

(A) માત્ર પરદેશી શત્રુ

(B) માત્ર સગીરો

(C) માનસિક અસ્થિર અને મૂર્ખ વ્યકિત

(D) કોઈપણ અસમર્થ વ્યકિત

29. The remedy by way of Quantum meruit is a :

(A) Contractual remedy

(B) Quasi-contractual remedy

(C) Zero remedy

(D) Notional remedy

29. પ્રમાણસરના વળતરની દાદ એ ......... છે.

(A) કરારજન્ય દાદ

(B) અર્ધકરારજન્ય દાદ

(C) શૂન્ય દાદ

(D) ચિંતનાત્મક દાદ

30. The inadequacy of consideration will be taken into account by a court of law :

(A) When the promisor expresses his desire to get maximum return for his promise

(B) When the promisor performs his promise

(C) When fraud, coercion or undue influence in the formation of contract is pleaded

(D) always at the discretion of the court

31. Promissory estoppel is sometimes spoken of as a substitute for :

(A) Novation

(B) Quasi contract

(C) Consideration

(D) Coercion

30. કાયદાની અદાલત દ્વારા અવેજનું અપર્યાપ્ત હોવું ધ્યાનમાં લેવાશે :

(A) જયારે વચનકર્તા પોતે આપેલા વચન માટે મહત્તમ આવક ઈચ્છતો હોય

(B) જયારે વચનકર્તા પોતે આપેલા વચનનું પાલન કરે

(C) જયારે કરાર કરવા પાછળ કપટ, ધાકધમકી કે ગેરવાજબી અસર હોવાની રજુઆત કરવામાં આવી હોય

(D) હંમેશા અદાલતની વિવેકબુદ્ધિને આધીન રહેશે

31. વચનથી પ્રતિરોધ એ કોઈક વખત ........ ની અવેજી તરીકે ગણવામાં આવે છે.

(A) નવીનીકરણ

(B) અર્ધકરાર

(C) અવેજ

(D) ધાકધમકી

32. Consider the following statements :

If a person who finds goods, belonging to another, takes them into his custody, then he :

(1) can pledge the goods.

(2) can gift the goods.

(3) is subject to the same responsibility as a bailee.

Of the above statements :

(A) (1) alone is correct

(B) (1), (2) and (3) are correct

(C) (3) alone is correct

(D) (1) and (2) are correct

32. નીચેના વિધાનોને વિચારો : જો કોઈ વ્યક્તિને અન્ય વ્યક્તિનો માલ મળે અને તેને જો પોતાના કબજામાં લે તો તે વ્યક્તિ :

(1) તે માલને આડમાં મૂકી શકશે.

(2) તે માલ કોઈને બક્ષિસમાં આપી શકશે

(3) નિક્ષેપગ્રહિતાની જેમ જ જવાબદાર રહેશે

ઉપરોક્ત વિધાનો પૈકી :

(A) માત્ર (1) ખરૂં છે

(B) (1), (2), અને (3) ખરાં છે

(C) માત્ર (3) ખરૂં છે

(D) માત્ર (1) અને (2) ખરાં છે

33. The "Absolute Liability" theory as the basis for liability in tort for industrial injuries was propounded by :

(A) Blackburn J.

(B) V.R. Krishna Iyer J.

(C) P.N. Bhagawati C.J.

(D) Lord Atkin

33. ઔદ્યોગિક હાનિઓ માટે જવાબદારી નિશ્ચિત કરતો ''સંપૂર્ણ જવાબદારી'' નો સિદ્ધાંત ............ એ પ્રતિપાદિત કર્યો.

(A) જસ્ટીસ બ્લેકબર્ન

(B) જસ્ટીસ વી.આર. ક્રિષ્ણા અય્યર

(C) ચીફ જસ્ટીસ પી.એન. ભગવતી

(D) લોર્ડ એટકીન

34. In public nuisance, a private right of action lies :

(A) When the injury is merely consequential

(B) When there is proof of damage

(C) When the injury is particular, direct and substantial

(D) None of the above

35. Which one of the following is *not* an exception to the rule of Volenti non fit injuria ?

(A) Surgeon amputates a limb of a patient to save his life

(B) Injury is caused while doing lawful acts under contract

(C) Injury is caused while play-fighting with naked swords at a religious function

(D) Injury is caused to a football player in football match

34. જાહેર ઉપદ્રવના કેસમાં દાવો દાખલ કરવાનો ખાનગી અધિકાર :

(A) જ્યારે થયેલ હાનિ માત્ર પરિણામિક હોય ત્યારે મળશે

(B) જ્યારે થયેલ નુકશાનનો પુરાવો હોય ત્યારે મળશે

(C) જ્યારે થયેલ હાનિ, ચોકકસ, સીધી અને વાસ્તવિક હશે ત્યારે મળશે

(D) ઉપર પૈકી કોઈપણ નહીં

35. નીચે પૈકી કયું ''સંમતિથી સ્વીકારેલ હાનિ એ હાનિ નથી'' ના નિયમનો અપવાદ નથી ?

(A) દર્દીનો જીવ બચાવવા જ્યારે સર્જન તેનો પગ કાપી નાખે

(B) કરાર અન્વયે કાયદેસરનું કૃત્ય કરતાં જો હાનિ પહોંચી હોય

(C) ધાર્મિક ઉત્સવના ભાગ રૂપ જ્યારે નગ્ન તલવારોથી રમત દ્વંદ્વમાં હાનિ પહોંચે

(D) ફુટબોલ મેચ દરમ્યાન ફુટબોલ ખેલાડીને હાનિ પહોંચે

36. In which one of the following cases is the occupier liable for Negligence ?

(A) Keeping a watch-dog which has the habit of biting men

(B) Fixing broken glass pieces on the top of the wall

(C) Construct a compound wall to prevent trespassers

(D) Setting spring guns in the premises to prevent trespassers

37. The rule in Rylands V. Fletcher *does not* apply when the escape is due to :

(A) Inevitable accident

(B) Vis Major

(C) Negligence of the defendant

(D) Mistake

36. નીચે પૈકી કયા કેસમાં કબજેદાર ઉપેક્ષા માટે જવાબદાર છે ?

(A) માણસોને કરડવાની ટેવ ધરાવતો રખેવાળ શ્વાન જો રાખે તો

(B) દિવાલ ઉપર જો કાચના ટુકડાઓ જડે તો

(C) અનધિકૃત પ્રવેશ અટકાવવા કમ્પાઉન્ડની દિવાલ ચણે તો

(D) અનધિકૃત પ્રવેશ અટકાવવા જમીનમાં સ્પ્રિંગ પિસ્તોલ બિછાવ તો

37. રાયલેન્ડ્સ વિરૂદ્ધ ફ્લેચરનો નિયમ લાગુ પડતો નથી જયાં છટકી જવું જો :

(A) અનિવાર્ય અકસ્માતના કારણસર હોય તો

(B) દૈવીકૃત્ય હોય તો

(C) પ્રતિવાદીની ઉપેક્ષા હોય તો

(D) ભૂલ હોય તો

38. The state is vicariously liable in an action for tort if the act done by its employee is :

(A) done during office hours

(B) affecting the plaintiff as well as other persons

(C) done in unauthorised capacity

(D) a deliberate or grossly negligent misuse of power granted by law

38. કર્મચારીએ કરેલા કૃત્ય માટે રાજયની અપકૃત્યજન્ય જવાબદારી થશે જો કર્મચારીએ :

(A) કૃત્ય ઓફિસ કલાકો દરમ્યાન કર્યું હોય

(B) કૃત્ય જો વાદી અને અન્ય વ્યક્તિઓને અસરકર્તા હોય

(C) કૃત્ય જો અનધિકૃત કર્યું હોય

(D) કૃત્ય કાયદા દ્વારા આપેલી સત્તાનો ઈરાદાપૂર્વક દુરૂપયોગ અથવા અક્ષમ્ય બેદરકારીથી કર્યું હોય

39. Which one of the following act is *not* a mistake of fact ?

(A) Where an accused mistook a human being in the jungle as a wild animal at night and killed him

(B) Where an accused killed a person under the mistaken belief that the latter entered his house with the intention of killing him

(C) Where an accused acting under a delusion killed his own son considering him to a tiger

(D) Where a constable wanting to settle personal scores with A mistakenly apprehended B and caused injury to B

39. નીચે પૈકી કયું કૃત્ય હકીકતની ભૂલ નથી ?

(A) આરોપીએ જંગલમાં રાત્રે એક મનુષ્યને જંગલી પ્રાણી સમજી ભૂલથી મારી નાખ્યો

(B) આરોપીએ પોતાના ઘરમાં દાખલ થયેલ વ્યક્તિ પોતાને મારી નાખવાના ઈરાદાથી દાખલ થયેલ છે તેમ સમજી તેને મારી નાખ્યો

(C) આરોપીએ પોતાના ઉન્માદ અવસ્થામાં ભ્રમને કારણે પોતાના પુત્રને વાઘ સમજી મારી નાખ્યો

(D) એક કોન્સ્ટેબલ અન્ય વ્યક્તિ A સાથેના પોતાના અંગત ઝગડાઓના નિરાકરણ હેતુ ભુલમાં બીજી વ્યક્તિ B ને પકડી તેને ઈજા પહોંચાડે છે

40. The courts have evolved some tests to determine at what stage an act or a series of acts done towards the commission of the intended offence would become an attempt. Identify which one of the following tests is *not* correct ?

(A) Proximity test

(B) Impossibility test

(C) Locus standi test

(D) Social danger test

41. **Assertion (A) :** 'X' because of unsoundness of mind not knowing the nature of the act attacks 'Y', who in self defence and in order to ward off the attacks, hits him thereby causing him hurt. 'Y' does not commit an offence.

**Reason (R) :** 'Y' had a right of private defence against 'X' under Section 98 of Indian Penal Code.

**Codes :**

(A) Both (A) and (R) are true and (R) correctly explains of (A)

(B) (A) is right and (R) is not the correct explanation of (A)

(C) (A) is right, but (R) is wrong

(D) (A) is wrong, but (R) is right

40. ઈચ્છિત ગુનો પાર પાડવા હેતુસર કયા તબક્કે કોઈ કૃત્ય કે ક્રમિક કૃત્યો ગુનો કરવાનો પ્રયત્ન બને તે અંગે અદાલતોએ કેટલીક કસોટીઓ નક્કી કરી છે. નીચે પૈકીની કઈ કસોટી આ સંદર્ભે ખરી નથી?

(A) સામિપ્ય (નજીકતા) કસોટી

(B) અશક્યતા કસોટી

(C) કોર્ટમાં હાજર રહેવાના અધિકાર અંગે કસોટી

(D) સામાજીક જોખમ કસોટી

41. **નિશ્ચય કથન** (A) : ''X'' પોતાની માનસિક અસ્થિરતાને લીધે પોતે કરેલા કૃત્યનું સ્વરૂપ સમજી શકતો નથી અને "Y" ઉપર હુમલો કરે છે. "Y" પોતાના સ્વબચાવમાં આક્રમણ અટકાવવા માટે પ્રયત્ન કરવા જતા "X" ને ઈજા પહોંચાડે છે "Y" એ કોઈ ગુનો કર્યો નથી.

**કારણ** (R) : ભારતીય દંડ સંહીતાની કલમ–૯૮ અન્વયે "Y" ને સ્વબચાવનો અધિકાર "X" વિરૂદ્ધ છે.

કોડ :

(A) બંને (A) અને (R) ખરાં છે અને (R) એ (A) ની ખરી સમજૂતિ છે

(B) (A) અને (R) બંને ખરાં છે પરંતુ (R) એ (A) ની ખરી સમજૂતિ નથી

(C) (A) ખરું છે પરંતુ (R) ખોટું છે

(D) (A) ખોટું છે પરંતુ (R) ખરૂં છે

42. A finds a watch on the floor of a State Transport bus while he was leaving it as the last passenger. He picked it up and put it in his pocket instead of returning it to the State Transport authorities. Next day he sold it. 'A' is liable for :

(A) Theft

(B) Extortion

(C) Criminal misappropriation

(D) Criminal breach of Trust

43. Which of the following is the *correct* theoretical sequence in the commission of an offence ?

(1) Physical Element

(2) Mental Element

(3) Forbidden Consequence

Select the *correct* answer using the codes given below :

**Codes :**

(A) (1)–(2)–(3)

(B) (2)–(1)–(3)

(C) (3)–(2)–(1)

(D) (3)–(1)–(2)

42. "A" એ સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસના ફલોર ઉપર ઘડિયાળ પડેલી જોઈ જયારે તે બસના છેલ્લા પેસેન્જર તરીકે ઉતરતો હતો. તેણે તે ઘડિયાળ લઈ પોતાના ખિસામાં મૂકી અને સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરીટીને સોંપી દીધી નહીં. બીજે દિવસે તે ઘડિયાળ તેણે વેચી દીધી. "A" .......... માટે જવાબદાર છે.

(A) ચોરીના ગુના

(B) ધાકધમકીના ગુના

(C) ગુનાહિત ઉચાપત

(D) ગુનાહીત વિશ્વાસઘાત

43. નીચે પૈકી ગુનો કરવા માટે કયા યોગ્ય તાત્વિક ક્રમ છે ?

(1) શારીરિક તત્વ

(2) માનસિક તત્વ

(3) પ્રતિબંધિત પરિણામ

નીચે આપેલ કોડનાં ઉપયોગ કરી યોગ્ય જવાબ પસંદ કરો :

કોડ :

(A) (1)–(2)–(3)

(B) (2)–(1)–(3)

(C) (3)–(2)–(1)

(D) (3)–(1)–(2)

44. Locus penitential test is applied to trace which one of the following ?

(A) Criminal misappropriation

(B) Attempt

(C) Sedition

(D) Conspiracy

44. ''પશ્ચાતાપની તક'' ની કસોટી નીચે પૈકી કયા ગુના માટે લાગુ કરી શકાશે ?

(A) ગુનાહીત ઉચાપત

(B) પ્રયત્ન

(C) રાજદ્રોહ

(D) કાવતરું

45. The Trade Unions Act, 1926 defines the word 'Trade Union' in :

(A) Section 2(g)

(B) Section 2(h)

(C) Section 2(i)

(D) Section 2(j)

45. કામદાર સંઘ અધિનિયમ, ૧૯૨૬ અન્વયે ''કામદાર સંઘ'' ની વ્યખ્યા ........... માં છે.

(A) કલમ ૨ (જી)

(B) કલમ ૨ (એચ)

(C) કલમ ૨ (આઈ)

(D) કલમ ૨ (જે)

46. The Trade Unions Act, 1926 indirectly gives the workers, the right :

(A) to provide recreational facilities

(B) to safeguard conditions of service

(C) to enlarge opportunities for promotion and training

(D) to collective bargaining

46. કામદાર સંઘ અધિનિયમ, ૧૯૨૬ આડકતરી રીતે કામદારોને .......... નો અધિકાર આપે છે.

(A) આનંદ પ્રમોદની સવલતો મેળવવા

(B) કામની શરતોના રક્ષણ મેળવવા

(C) બઢતી અને તાલીમની તકો વધુ વિસ્તૃત કરવા

(D) સામુહિક સોદાગીરી

47. The principal objects of the Industrial Disputes Act, 1947 has been analysed by the Supreme Court in :

(A) Tata Memorial Hospital Workers Union *V.* Tata Memorial Centre

(B) Monogram Mills Ltd. *V.* State of Gujarat

(C) KVS Ram *V.* Bangalore Metropolitan Transport Corporation

(D) Workmen of Dimakuchi Tea *V.* Management of Dimakuchi Tea Estate

47. ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ના પ્રમુખ હેતુઓનું વિશ્લેષણ સુપ્રિમ કોર્ટે .......... ના કેસમાં કર્યું છે.

(A) ટાટા મેમોરિયલ હોસ્પીટલ કામદાર સંઘ વિરૂદ્ધ ટાટા મેમોરિયલ સેન્ટર

(B) મોનોગ્રામ મિલ્સ લીમીટેડ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય

(C) કે.વી.એસ. રામ વિરૂદ્ધ બેંગ્લોર મેટ્રોપોલીટન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન

(D) દીમાકુચી ટીના કામદારો વિરૂદ્ધ દીમાકુચી ટી એસ્ટેટ મેનેજમેન્ટ

48. Under the Industrial Disputes Act, 1947 which section lays down restrictions on the right to strike ?

(A) Section 22

(B) Section 23

(C) Section 24

(D) Section 25

48. ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ની નીચે પૈકી કઈ કલમ અન્વયે હડતાળના અધિકાર ઉપર નિયંત્રણો છે?

(A) કલમ ૨૨

(B) કલમ ૨૩

(C) કલમ ૨૪

(D) કલમ ૨૫

49. In which case the Supreme Court distinguished between lockout and closure ?

(A) Pipraich Sugar Mills Ltd. *V.* Their Workmen

(B) State of Bihar *V.* Kripashankar

(C) Express Newspaper Ltd. *V.* Their Workmen

(D) Western India Automobile Association *V.* Industrial Tribunal

49. નીચે પૈકી કયા કેસમાં સુપ્રિમ કોર્ટે તાળાબંધી અને ઉદ્યોગના બંધ થવા (કલોઝર) વચ્ચે તફાવત કર્યો?

(A) પીપરાઈચ સુગર મિલ્સ લિમિટેડ વિરૂદ્ધ તેના કામદારો

(B) બિહાર રાજ્ય વિરૂદ્ધ કૃપાશંકર

(C) એક્ષપ્રેસ ન્યુઝપેપર લીમીટેડ વિરૂદ્ધ તેના કામદારો

(D) વેસ્ટર્ન ઈન્ડીયા ઓટોમોબાઈલ એસોસિએશન વિરૂદ્ધ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ

50. Under the Industrial Disputes Act, 1947, what is the mode of settlement of disputes ?

(A) by direct negotiation

(B) by mediation

(C) by conciliation

(D) all of the above

50. ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ અન્વયે તકરાર નિરાકરણ માટે કઈ પદ્ધતિ છે ?

(A) સીધી વાટાઘાટ દ્વારા

(B) મધ્યસ્થી દ્વારા

(C) સમાધાન દ્વારા

(D) ઉપર પૈકી બધીજ

ROUGH WORK

SEAL